| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૬/૦૧/૨૦૨૪  મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૪૭૩ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૪૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૩,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૭૪/૨૦૨૪

**કાગડાપીઠઃ** અમદાવાદ થી ગાંધીનગર રૂટમાં બસ કંડકટર તરીકે નોકરી કરતા ચંદ્રિકાબહેન અમૃતભાઇ ભુનોતર (રહે. ન્યુ અમરપાર્ક નવા નરોડા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી.ડેપો પ્લેટફોર્મ નંબર-૨૧ ખાતે એસ.ટી. બસમાંથી કંડકટર બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં EBTM મશીન (ઈલેકટ્રોનીક બુકીંગ ઓફ ટીકીટ મશીન) કિમત રૂપિયા ૭૦૦૦/-, રોકડ રૂપિયા ૧૦૦/- તથા અન્ય ડોકયુમેન્ટ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**ભુલથી ઝેરી પ્રવાહી પી લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૫/૨૦૨૪**

**બાપુનગરઃ** મહેન્દ્રભાઈ હીરાભાઈ પરમાર (ઉ.વ.૬૦) (રહે. રાધારમણનાં ફ્લેટ અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ તા.૧૪/૦૧/૨૦૨૪ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીના બદલે ભુલથી ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૧/૨૦૨૪ રાતના ૯/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૬/૨૦૨૪**

**રામોલઃ** રીટાબહેન જયનીલભાઇ રાવલ (ઉ.વ.૬૩) (રહે. આલોક-૫ નવા સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ પી લેતા સારવાર માટે તેમને જી.સી.એસ.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૧/૨૦૨૪ બપોરના ૪/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી